# ઔષધીય વિજ્ઞાનની વિકસતી ક્ષિતિજો સ્વાસ્થ્ય-સમૃદ્ધિ લાવશે

## ■ પારૂલ ઈન્સ્ટિ.માં ઈનોવેશન્સ ઈન ક્લિનિકલ રિસર્ચ વિષય પર સેમિનાર

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા,તા.૯

ભારતમાં ક્લિનિકલ રિસર્ચમાં તેજી આવી છે અને રોજ નવા નવા સંશોધન બહાર આવી રહ્યા છે ઔષધીય વિજ્ઞાનની વિસ્તાર પામતી આ ક્ષીતીજોના કારણે દેશના નાગરીકોના સ્વાસ્થ્યની સાથે આર્થિક સામાજીક સમૃધ્ધી પણ લાવશે તેમ આજે શહેર નજીક આવેલી પારૂલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી ખાતે યોજાયેલા રાષ્ટ્રીય સ્તરના સેમીનારમાં ઈન્ડીયન ફાર્માસ્યુટીકલ એસોસિએશન વડોદરાના પ્રમુખ જયંત દવેએ જણાવ્યુ હતું.

તેઓએ વધુમાં જણાવ્યુ હતું કે નવી અને ક્રાંતિકારી દવાઓના સંશોધન બાદ તેનું માર્કેટ આખુ વિશ્વ છે એટલે દવા માર્કેટમાં મુકાતાની સાથે જ તે આર્થિક સમૃધ્ધી તરફ લઈ જાય છે અને આર્થિક વિકાસની સાથે સામાજીક વિકાસ પણ થવાનો જ.

ઈનોવેશન્સ ઈન ક્લિનિકલ રિસર્ચ વિષય પર યોજાયેલા આ સેમીનારમાં ઉદઘાટક તરીકે ઉપસ્થિત રહેલા એમ.એસ. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો.રમેશ ગોએલે જણાવ્યુ હતું કે ક્લિનિકલ રિસર્ચમાં ઝડપી વિકાસ સાધવો હશે તો ફાર્મસીના તમામ વિભાગોએ સાથે મળીને કામ કરવુ પડશે તે ઉપરાંત તેઓએ મેડિસિનલ પ્લાન્ટ અને હર્બલ ડ્રગ્સને માર્કેટ સુધી પહોંચ કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે અંગે પ્રકાશ પાડતા ફાર્મસીમાં દવાના સંશોધનથી બજારમાં મુકાવા સુધીની એક ચોક્કસ પ્રક્રીયા છે પરંતુ હર્બલ ડ્રગ્સ માટે હજુ તે મુજબની કોઈ પ્રક્રીયા બનાવવામાં આવી ન હોવાથી દવા બજારમાં મુકી શકાતી નથી.

આ ઉપરાંત આઈ.સી.આર.આઈ.ના વડો ડૉ.લલીત માયાએ ન્યુ ડ્રગ એપ્રુવલ માટેના પ્રવર્તમાન કાયદામાં આવેલા ફેરફારો અંગે માહિતી આપી હતી.તો એમ.એસ.યુનિવર્સિટીના ફાર્મસી વિભાગના પ્રો.ડૉ.એ.એન.મિશ્રાએ નોવેલ ડ્રગ ડિલિવરી વિશે માહિતી આપી હતી.

આ સેમિનારમાં દેશભરમાંથી ૨૦૦ સ્કોલર્સે તેમના રિસર્ચ પેપર રજૂ કર્યા હતાં જેમાંથી આજે ૨૧ પેપરોની પસંદગી કરવામાં આવી હતી અને તેમાથી બેસ્ટ ૪ પેપરોને એવોર્ડ આપવામા આવ્યા હતાં.

જેમાં ઓરિસ્સાના સદાનંદ મંડલ, ભોપાલની આકાંક્ષા તિવારી, વડોદરાની ભુમિકા પટેલ અને મહેસાણાની ફાર્મસી કોલેજના અધ્યાપક પુર્વી પરમારનો સમાવેશ થાય છે.